રાણકદેવી અને રાયખેંગાર

નાટકનાં ગાયનો.

H. M.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર છોટાલાલ છગનલાલ.

અમદાવાદ.

સલાપોસના દરવાજે "સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ"માં છાપ્યાં.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

કીમત ૦—૪—૦

૬૭૯૯.

રાણકદેવીને રાયખેંગારના નાટક-નાં ગાયનો.

સ્થળ—કલડીમાં પારસિંહનું વિચાર ભુવન.

(પારસીંહ પોતે અપુત્ર હોવાથી અફસોસ કરેછે.)

રારપાવર—(અફસોસ કે આ જીંદગી આકારીરે થઇ) એ રાહ.

અફસોસનની આ વાત છે, પ્યારા ઓ પ્રધાન;
વૃદ્ધા અવસ્થા થઇ તેઓ, નહીં નીવડયુ સંતાન. અફ.
શો કીધો છે ગુનો તારો, હે કૃપાના દીશ;
દયા ધરી આ દાસ પરે, બાળ આપો જગદીશ. અફ;
નહીં સંતાપો પુત્ર વિના, આ દીન દાસને;
થયા પુરા માસ, ધરે ગર્ભવાસને, અફ.
આપી પુત્ર જીવાડજે, કરજે રક્ષા તું નાથ;
નમું છું ઇશ હું તુજને, નામી શિર જોડી હાથ. અફ.

સુમતિચંદ—(લાગી છે તરશ ભાઇ પાણી પા.) એ રાહ.

શાને શોચ કરો, અરે શાણા રાજન;
નહીં દીલગીર થાઓ, જરી તમે મન. શાને.

ઇશ્વરે લખીયા, લેખ ફીરે નહીં;
ઉપાય કરીએ જો, હજારો તન. શાને.

ધારશું હશે કૃપાધીશે સારે;
આપશે આપને જલદીરે તન. શાને.

(એવામાં દાશી, પુત્રીની વધામણી કરવા આવેછે.)

સુદત્તા—જય જય જય, વિજય વિજય, એ રાહ.

વધાઇ વધાઇ વધાઇ, રાજા લાવી છું વધાઇ;
પુત્રીનો પ્રસવ કર્યો છે, આજ મારી બાઇ. વધાઇ.
મહારાજા વેંચાવો સાકર, સર્વ નગરમાં આજ;
ઇનામ આપો ખુશી થઇને, મુજને હે મહારાજ. વધાઇ.
વૃદ્ધાવસ્થામાં બંધાયું પારણું આપણુ ઘેર;
શોકજ સરવે દુર કરીને, કરોને લીલા લહેર. વધાઇ.

રારપાવર—(સ્વામીનાથ સ્વામીનાથ સ્વામીનાથરે) એ રાહ.

ધો ઇનામ દ્યો ઇનામ ધો ઇનામરે;
ખુશી કરો એહને, દઇ ઇનામરે. ધો ઇનામ.
સર્વ નગ્રેમાં વેચાવો, ધણા અને ગોળ;
ઘેર ઘેર ઓછવ કરી, કરો રંગરોળ. દ્યો ઇનામ.
તેડાવો જોશીને આંહી, ગ્રહ જોવા કાજ;
કીયા નક્ષત્રમાં જન્મી) પુત્રી મમ આજ. ધો ઇનામ.
જલ્દી તમે બંદોબસ્ત, કરો આણી વાર;
કરો નહીં વાર તમે, કાંઇરે લગાર. દ્યો ઇનામ.

સુમતીચંદ—(મહારાજ રજા દીજીએ.) એ રાહ.

આપ હું હુકમ શિર, ચડાવી જાઉં છું;
બંદોબસ્ત કરીને જલદી આંહી આવું છું. આપ૦
જોશીને તેડાવા મુકું વેગે એક શિપાઇ,
ખુશીથી પધારો આજ, કરો ન ફિકર કાંઇ. આપ૦

રારપાવર—(લાગી છે તરસ બાઇ પાણી પા.) એ રાહ.

જુઓ જોશી તમે આ કુંવરી તણા;
કહો સત્ય વાત નહીં રાખોને મણા.
કીયું નક્ષત્ર ને, કીયું ચોઘડીયું;

કીધું લગ્ન, કેવાં ગ્રહ તેના. જુઓ.

ગંગાશંકર— શુપ કલ્યાણ.

સાંભળો મહારાજ, મારી વાત આજ;

પુત્રી આ પેદા થઇ છે, આપ કુળ ખાજ. ટેક.

જે ઘેર આ પુત્રી જાશે, કરશે નિકંદન;

ધન માલને મનુષ્ય તણું વળી, કષ્ટ વેઠશે તન. સાંભળો.

વૈધ્રતને વળી વ્યતિપાતમાં આ પુત્રીનો જન્મ;

વળી ગ્રહણ હતું તે વખતે, તેથી કહું આ મર્મ. સાંભળો.

(જોશીને શીરપાવ આપી રાજા પ્રધાનને કહે છે)

રારપાવર—(શું ઘેનમાં ઘેરાયો થાને તું હોંશીયાર.) એ રાહ.

મુકી આવો આ પુત્રીને, મમ રાજહદથી બહાર;

નથી મુજ કામ તણી, પુત્રી આ નાદાર, મુકી૦

સુણો પ્રધાન માહરા, કરો તમે આ કામ;

ખબર ન પડે કોઇને, મુકી આવો એવે ઠામ. મુકી૦

સુમતિચંદ—(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી) એ રાહ.

જાઉં આપ આજ્ઞા હું, શિરે ચડાવી મા'રાજ;

તેડાવી પુત્રી, મુકી આવું વન આજ.

તમે શોક છોડીને, દીલમાં ધરોને મોજ;

મટે નહીં લખીયા લેખ, ઉપાય કરે રોજ.

ઇશ્વરે ધાર્યુ તે, નક્કી બને મહારાજ;

સહુ શોક તજીને ખુશી રહો શિરતાજ.

(પ્રધાન કુવરીને વનમાં મુકી આવેછે ત્યારે તેને હડમત કુંભાર ઉપાડી પોતાને ઘેર લાવે છે.)

સ્થળ હુડમત કુંભારનું ઘર.

હુડમ—(વા'લી મારી ગુલાબ પ્યારી સાંભળને એક વાત હું)એ રાહ.

સાંભળ પ્યારી વા'લી મારી, ખુશીની એક વાત હું;
રત્ન એક જડીયું છે મુજને, તે લાવ્યો તારી પાસે હું. સાં૦
નથી પુત્ર કે પુત્રી આપણું, રાખીએ એને પ્રીતથી બહુ;
સગાં તેડીને ખવાડજે તું, ઘી કંસાર સાકર ચોળી સહુ. સાં૦
હું ખાટપર હુકો ગગડાઉં, તું પીરસજે બહુ બહુ;
માગે એથી અદકુ આપજે, રીસાય નહીં કોઇ સાચું કહું.

અમથી—(પુત્રી ઘોડીઆમાં સુવાડી હાલરડું ગાય છે.)

આશાગોડી.

હાલરડું ગાઉં પ્રીતે, વા'લી મારી હાલરડું ગાઉં પ્રીતે. ટેક.
તુજ તન દેખી મનહર્ખે મારૂં, ગાઉં હાલો ભલી રીતે વા'લી૦
રોરો કર નહીં તું મારી બાપુ, સાંતી ધાર તુજ ચીતે. વા'લી૦

સ્થળ—કચ્છમાં બાગ.

(રાણકદેવી આંહી પુખ્ત ઉમરની થઇછે તેથી હું કેવા સ્વામીને હસ્તે પડીશ એવા વિચારમાં તલીન થઇ નીચે પ્રમાણે બોલે છે.)

રાણકદેવી—(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી) એ રાહ.

પ્રીત રૂપી પયને, થઇશ હું ક્યારે ભોગ?
હવે સ્વામી સંગે, રહેવા થઇ હું જોગ.
પ્રીત વાળા નરથી, થાય કદી જો લગન;
જન્માતર આખો, ફરૂં રહી હું મગન.
પ્રિતીવીણ નરની સાથ જોડું જો થાય,
તો કષ્ટ પામું હું જીવું ત્યાં સુધી કાય,

નવ વરસમાં સૌથી ઉત્તમ રસ છે એહ;
જ્યારે તે નહીં પીવાય, દિલે થાય ખેહ.
સંસારમાં સુખ છે, એહ સરવથી મોટું;
મળે નહીં કદી તે યોગ્ય, થાય બહુ ખોટું.

(એવામાં લાખો ફુલાણી ત્યાં હવા ખાવા આવે છે તે આ સ્વર સુણી એક બાજુએ આવી પોતાના મન સાથે બોલેછે.)

લાખો ફુલાણી—(અરે લાલદેવ ઇસ તરફ જલ્દ આ.) એ રાહ.

અરે આ દિસે કેવી, સુંદર ત્રીયા;
કરૂં તેને જલદી, હલે મુજ પ્રયા;
જોઇ તેનું તન, હરયું મુજ મન;
હાય ! આ દિસે છે, પ્રિયા વીના વન.
નથી પદ્મણી નાર તેને ધીઃકાર;
છે ગોળ વિના જેમ, મોળો કંસાર.
ખરૂં જગતમાં સુખ, ત્રીયા તણું;
છે ઘર તણું મુળ ભાઇ, પ્રીયા બણું.
ખરો મિત્ર આ અવનીમાં છે નાર;
તે સુખ દુઃખમાં છે, ભાગીયણ થનાર.

(ઘરસેં યાં કોન ખુદાકે લીએ લાયા મુજકો) એ રાહ.

નથી કરી મેં નારી, આહ જ્યાં સુધી મારી;
ત્યાં સુધી આ જીંદગી, છે મુજ અકાર,
ખરી પ્રિતીને હું, પાત્ર થઉં આ નારીથી;
સુખી થઇ રહું, દુર દુઃખ દીલદારીથી,
ચૌદ રત્નમાં ખરૂં છે, રત્ન ભામીની;
દુઃખ દુર થાય, દેખી સૌ આ ગામીની.

કદી હોય મનુષ્ય, ગુસ્સામાં તે દુર કરે;
હોય કોઇ નીશામાં શોકાતુર ચેરે.
કરે સર્વનું નિવારણ, વળી તેહ પ્યારી;
ખોઇ જીંદગી ને કરૂં, આ નારી મારી.
કદી આવે વિઘન, કરતાં કદી જો લગન;
અતિ કષ્ટ સહી, કરૂં સર્વ નિકંદન.

(વળી તે ઇશ્વર પ્રાર્થના કરેછે.)

(વિનતિ ધરજ્યો ધ્યાન, જન ચહુ વિનતિ) એ રાહ.
પ્રીતે કરૂં પ્રણામ, જગદીશ્વર પ્રીતે કરૂં પ્રણામ. ટેક.
સહાય થાઓ મુજ કામ, જગદીશ્વર.
હોહરત જોડી આપને પ્રણમું, વારંવાર તુજ નામ. જગદી.
સુખ દુઃખના આપ સાથી છો સ્વામી, વાસો વસો ત્રીય ધામ. જગ.
આપ પ્રતાપે કામ આરંભુ, સાય કરો સુખ વિરામ. જગ.
મુજ મન છે આ નારી પરણવા, તેમાં તું આપને હામ. જગ.

સ્થળ—ગુજરાત, અણહીલપુર પાટણ
સીધરાજની કચેરી.

સિદ્ધરાજ—(પીતાજી અરે કોપે આ શો કીધો.) એ રાહ.

અહો શાણા સુણો સચીવજી તમે;
ખુશીથી ઉતર આપો પુછીએ અમે.
પ્રજા પામે સુખ ન્યાય, કેવે પ્રકાર?
લુગર કેમ ચાલે ? કહો આણીવાર ?
ગામે બાળકો, કેવી રીતે અભ્યાસ ?
કેવી ચર્ચા ચાલે, મારીરે ચોપાસ.
સુણાવો તમે સર્વ, પ્રીતે કરી;

સુણી સુખ સાતા, હું બસું ઠરી.

ગુણદત્ત— ઈંદ્રસભાની ગજલ.

સાંભળો નામદાર આજ વિનતી ઉરધારી;
સુખ સાંતી સર્વ સ્થળે, કહું છું વિચારી.
સર્વ પ્રજા સુખમાં પ્રવર્ત્તે છે મહારાજ;
કારીગર અહરનિશ, બનાવે નવિન કાજ.
વિદ્યા દેવી મગનમાં, મા'લે છે લોકમાં;
ન્યાય અદલ પામી નથી, રહેતા શોકમાં.

એવામાં કન્યા ખોળવા મોકલેલ ભાટ કન્યા ખોળી રાજા આગળ તેનું વર્ણન કરે છે.)

ગીરધરભાટ–(નાગનકે બચ્ચે નાગ ઉસે પ્યારના કરનાર) એ રાહ.

કમળ વદન ચંદ્ર બદન, ઐાષ્ટ ચંદ્રકાર;
દંતકળ દાડમ કળી, શિશ ફેણધાર. કમળ૦
મૃગાનેની ચક્ષુજેની, ગાલ ગુલાબી લાલ;
હોષ્ટ પરવાળાં સમ સુર્ય છે લલાટ. કમળ૦
શુક સમ નાશિકા છે, ભ્રમર ધનુષ કમાન;
હંસ જેવી ડોક જેની, સુર કોકીલ સમાન કમળ૦
સ્તનો ભારે નારંગી, આંગળી છે શીંગ;
કટી કેસર લજ્જિત, જાઘ થાયે ડીંગ. કમળ૦
ભુજ હાથી શુંડ જંઘા, કદળીની પ્રમાણુ;
ચક્ષુના પલકાર સ્વામી, વીજળી વખાણુ, કમળ૦
શૃંગાર ધરે સર્વે અંગે લાગે ઉર્વશી;
સ્વર્ગમાંથી આવી જાણે, અત્રે તે વશી. કમળ૦

રૂપ છે રંભા સમાન, પુર્ણમાનો ચંદ્ર;
ભાન ભૂલી જાય મનુષ્ય, દેખી તેનું વૃંદા,
ચાલ હસ્તી જેમ ચાલે, પદમણી તે નીર;
ખોળી લાવ્યો આપ સારૂ ત્રિયા નામદાર.

સિદ્ધરાજ — ગીતી

આપ કરો છો વખાણુ, કોની પુત્રી કયાંની રહેનારી;
કહો બીના તે સર્વે, સાંભળવાને ઉમંગ મેં ધારી.

ગીરવર—ગામ જુનાગઢ પાસે, મજેવડીની તે છે રહેનારી;
પ્રજાપત હડમતને, ઘેર રહી તે ઉછરે છે બાલી.

સિદ્ધરાજ— (ક્ષત્રીકલંક કેમ લેશેરે.) ટેક.

શું કરો વિચાર્યા વણુ વાત, વાણી શું આવી તમે વદોરે. ટેક.
શું થઉં હું કુંભારનો જમાત્ર? વાણી શું.
તે ગરધવ તણો ચારનાર, વાણી શું,
છે ગામડા તણો રહેનાર વાણી શું.
અ'રનિશ માટી ચુંથનાર, વાણી શું.
શું તે! મુજ પ્રિયા થનાર. વાણી શું.
નહીં નહીં તે રાણીપણા યોગ્ય, વાણી શું.
તે તો મુરખ પ્રજામત જાગ, વાણી શું.
જો હોત અક્કલ તમ ભાટ, વાણી શું.
તો ભીખ માગતા રયા માટ. વાણી શું.

સ્થળ મજેવડીની ભાગોળ.

(રાવંખેંગાર ઝાડની ઓઠે રહી રાણક ગધેડાં ચારવા આવી છે તે ઝાડ નીચે બેઠી બેઠી વિચાર કરે છે તે સાંભળે છે.)

રાહખેંગાર— સોરઠ ગજલ.

સુણી થાઉ ખુશી દીલમાં, સુણી સ્વર આ કોકીલ તણા;
તુજ રૂપ જોઇ પ્યારી આજે, મોહ હું પામ્યો ઘણો.
છે રતિ રંભા કે ઉર્વસી સ્યા કારણ અત્રે વશી;
તું મુજ મનડામાં ઠશી, કહું હું અરે સત્ય વાતરે;
ઓ કોમળ કમળા નાર તું તુજ પાસ કરૂં ભ્રમર હું;
વાસ તારી પામીને હું શાંત થાઉ આજરે.

(આ સાંભળી રાણકદેવી તેને કહે છે.)

રાણકદેવી— (સ્વામી મારા છો સોહામણા.) એ રાહ.

ભ્રમર ભમે છે કેમ વનમાં, ભુલી કમળની વાસ. (૨)
પુષ્પ ખીલ્લાં છે અહીં આવ તું. દોડી મુજની પાસ. ભ્રમર.
નવનવા રંગીત પુષ્પો છે, ફરી ઉડીને આંહી બેસ. (૨)
ચાહે ચંબેલી ચીતમાં પ્યારા તુંને હમેશ. (૨) ભ્રમર.
તુમ નામ ઠામ જણાવોને, કૃપા કરી તમે આંહી; (૨)
વળી દર્શનનો લાભ દ્યો, અત્રે આવી ધાઇ. (૨) ભ્રમર.

રાણકદેવીની પાસ (આવીને)

રાહખેંગાર— આશાગોડી.

સાંભળ વાત તું મારી, ત્રિયા સાંભળ વાત તું મારી ટેક.
સૌરાષ્ટ્રનો પતિ રાહખેંગાર છું આણુ મને સર્વમારી. અરે.
ભાન ભુલી કેમ દેહ દમે છે. એકલી રહી અહીં નારી. અરે.
ઉદાસી પ્રસરી મુખપર તારા, અત્રે કહે ઝટ વિચારી. અરે.

રાણકદેવી— સોહાનો કનરો.

પ્રાણપતિ પ્યારા સુખ દેનારા, હાથ સોંપે સ્વામી તમને આન્દાર. પ્રા.
છો યોગ્ય સ્વામી મુને વરવાને કરો ગાંધર્વ લગ્ને અત્રે તામારા, પ્રા.

જેમ મળે મીનને જળ એમજ, આપ મળ્યા મુને પ્રીતમ પ્યારા. પ્રા.
સુખ સાંતીથી અર્પું મુજ શીર, બચાવી સંસાર સુખ આપો સારા. પ્રા.

રાણકદેવી સીધરાજ સાથ વીવા થયેલાની અને તેની તરફથી અડચણુ વીશે કહેછે તેથી.)

રાહ ખેંગાર— બંજારા.

સાભળ તુ નારી ધૈર્ય ધારી કોટી ઉપાયે કરૂં તુને મારી;
કદી જાયે ભલે મારૂં રાજ, તેથી જાય સર્વે મુજ સાજ;
પણ હિંમત નવ બેસું હારી. કોટી૦
કદી હામ તજી દુર જાઉ, મુજ જનુની હું લજવાઉં;
ખરો ક્ષત્રી વીર છું નારી. કોટી૦
પડે સ્વધા જો આ કાય, કદી તનના કટકા થાય;
સહાય કરશે શ્રી ગીરનારી. કોટી૦
છે તારો મુજપર પ્રેમ, તો લઇ જાઊં તુને હેમ ખેમ;
કદી આવે સામા હજારી. કોટી૦
પરસ્પર જે પ્રેમ બંધાય, તે જોડું સુખી બહુ થાય;
કલેશ કંકાસ જાયે હા. કોટી૦

સ્થળ—મજેવડી ગામનો ચોરો.

(હડમત વિગેરે લગનની ના કહેવાથી દેશલજી હડમતને કહે છે)

દેશલ—(ક્રોધથી) એત.

બસ બસ ભીખારી સાંભળ મુજ વાત;
લઇ જઇશ તારી પુત્રી, મારીને હું લાત.
સ્ત્રી રૂપી રત્ન, આ રાજ્યમાં જશે ક્યારે;
કે દેશળના ખોળીઆ માંથી, જીવ જશે ત્યારે.

નથી તું જાણતો હજી, ક્ષત્રીનીવટ;
પકડયે તેને છોડીયે નહી, મરતાં સુધી હઠ.
સીધા રીતે સોંપ તું અલ્યા પુત્રીને તારી;
જબરજસ્તીથી લઇશ તો ખરાબી થશે તારી.
ખુશીથી આપીશ તો બનાવીશ તુને ના'લ;
થઇશ જો અમ સામો તો મરીશ વણખુટે કાળ.

સ્થળ—જુનાગઢ રાહખેંગારનો મેહેલ.

(રાણકદેવીને પોતાની દુઃખની વાત યાદ આવ્યાથી ઇશ્વરની ગતી કેવી છે તે વિષે વિચાર કરે છે.)

રાણકદેવી— (દયાળુ દેવ કૃપાળુ તું) એ રાહ.

અહો જુગદીશ નમુ નામી શિશ, જોડી બેહુ હાથ; વંદુ હું ઇશ;
કળા તારી, છે બહુ ન્યારી; શક્તિ સારી, છે તુજ ભારી,
કડલી કયાં ગામ, પારસીંહ કયાં ધામ, હડમતનો વિશ્રામ;
કયાં રાણકનામ.
થયો મુજ માટ, તે દુઃખીઓ, આવ્યો કચ્છ ને ન થયોસુખીઓ;
થયો ઉતપાત, એણે ઠામ; આવ્યો લાખો, તેને ધામ.
કરી વિવા, તણી તેણે વાત, તેથી હડમત, પામ્યો ઉતપાત;
આવ્યો નાશી ત્યાંથી અહીં, ઠરી બેઠો ન જઇ તે કહીં.
ધણી મન તે, કીધો મુજ વીવા, સંગે સીધરાજ લાગી બીવા.
કારણ કે તે, અપ્રીતી સાથ, આપુ હું કેમ, મુજનોરે હાથ.
લાગી પ્રીત મુજ ખેંગાર સાથ થઇ કરવા તૈયાર હું નાથ;
મહા યત્ને હું પરણી તેને, હવે દુઃખથી દુર કર એને;
કયાં આ મે'લ, કરવા શે'લ, સુખની રેલ હું પામેલ.

સહુ તુજ થકી, પામી આ વાર, નમુંછું તુને અહો કીરતાર.

(રાહખેંગાર તથા રાણકદેવી સાથે મળી ઇશ્વર પ્રાર્થના કરે●.)

રાહખેંગાર } બંન્ને. ઢીંડી.
રાણકદેવી }

કરીયે પ્રીતથી પ્રણામ, પ્યારા સ્વામી,
કીર્તિ આપનીરે આઠે જામ જામી;
કળા કીધી ન્યારી આપે અંતરજામી. કરીયે.
સંકટ હરો અમ કેરાં અચળ ધામી,
કરીયે સ્તુતિ આપ કેરી શિશ નામી;
કૃપા રાખો તમે અહો અહો વિરામી. કરીયે.

રાણકદેવી—કર સ્વામીને અમર સુખદાતા.
કર પોત્રણુ જે હમેશ સુખસાતા.
જાવું ત્યાં સુધી રહે સૌભાગ્ય મારૂં વ્રત. કર સ્વામી.
મુજ દીનની આ અરજ ઉરે ધારો,
શત્રુ દૂર કરી સુખ સહુ વિદારો;
દુઃખસમુળુ કાઢી શાંતીને પ્રસારો. મુજ દીન૦

રાહખેંગાર—પ્રાણી પ્યારી મારીને તું દેજે સુખ;
કૃપા કરી સર્વ હરજે તેના દુઃખ.
(રાણક પ્રત્યે) ધન્ય પ્યારી તુજ જનેતાની કુખ. પ્રાણુ.
પુર્ણ ભાગ્યોદયે મળે, આવી નારી,
તેના સંકટ સર્વ જાયા રે, સુખ ધરી;
આપી નારી આવી થયા મુજ આભારી. પુર્ણ.

સ્થળ—જુનાગઢની ભાગોળ.

(રાહખેંગારના રાણકદેવી સાથ લગ્ન થતાં તેની ખુશાલીમાં સર્વે પ્રજાને ભોજન આરોગવા આસપાસથી તેડાવેલા છે તેમાંથી કેટલાક લોકો ખુશી થઇ ગાય છે.)

સર્વે—લટકે મટકે જાઊં લડવા, લડવાની છે મન બહુ હામ. રાહ.
આજ દીન ઉતસાહનો માટે, મોઝાં મણીએ અપરંપાર;
ખુશી હોય તે સંગ ચલો હમ, જઇએ નૃપતિકે દરબાર. આ.
એક મીયાં—હમ ખાઇંગે ચાવલ મીસરી, ઔર પીએંગે ઉપર શરાબ.
પીછે જાઇંગે સેલ કરનેકું, ફેંક દેએકે કપડા ખરાબ. આ.
શીરપે રખેંગે કસબી મંડીલ, સોટી હમ પકડીંગે કર;
કસબી જુતિયાં પાઉં ધરીંગે, અંગમે કપડા અચ્છાં ધર. આ.
૧ લો—મને ભાવે બહુ લાડી,
૨ જો—બરફી;
૩ જો—દુધપાકપુરી હું ખાઊં.
૪ થો—જલેબી
૫ મો—શિખંડ,
૬ ઠો—પુરી બાસુદી.
૭ મો—સેવ ખાંડ ખાનેકું આઊં આજ.

સ્થળ—પાટણમાં સિદ્ધરાજની કચેરી.

વારાંગના—(રહો દીન દીનરે પ્રજા પ્યાર.) એ રાહ.
રહો રહોરે સદા સુખી આપ;
ટાળો પ્રજાના પરીતાપ. રહો રહો.
ઈંદ્ર સમાન ભુપ રૂપ છે આપનું,

જપું હમેશ આપ જાપ. રહો રહો.
વિશ વૃતિથી રાજ ચલાવી,
દુર્જનને મારો થાપ. રહો રહો.

(રાહખેંગાર સાથ રાણકદેવીના લગનની વાત સાંભળ સિદ્ધરાજ ગુસ્સામાં રાહખેંગારને કહે છે.)

સિદ્ધરાજ—(વિક્રમા તુ છે વેરી મારોરે.)

અરે નીચ હરામી નર, મુર્ખ તેં કામ આ શું કરયુંરે.
ભાન ગુમાવીને કેમ બન્યો ખર. મુર્ખ.
ઘાલ્યો કરમાં ભોરંગના હાથ. મુર્ખ.
હવે પોચાડીશ જમના સાથ. મુર્ખ.
ગજરાજને પાડો મારે લાત. મુર્ખ.
કેમ કરી રહે બચવાની વાત. મુર્ખ.
છેડે કેશરીને શિયાળ, મુર્ખ.
કહો કેમ નહીં આવે તેનો કાળ. મુર્ખ.
ઉઠો સરદારો થાઓ તૈયાર, શતરૂની સામા જવા તમેરે. ટેક.
સસ્ત્ર સજો ન લગાડો કાંઇ વાર. શતરૂની૦

સ્થળ—પાકણનું પાદર.

સર્વ લશ્કર— ભુપ કલ્યાણ.

જઇએ લડવા કાજ, હીંમત ધરી આજ;
શતરૂને સંહારી કીજે, મા'રાજાનું કાજ. જઇએ.
૧ લો—હું લડુ શતરૂની સામો તીર કામઠું લઇ;
નહીં ધરૂં કદી પગ હું પાછો, રહુ અનેક ઘા સંઇ. જઇએ.
૨ જો—હું જન્મ્યો છું ક્ષત્રી વંશમાં, નહીં હારૂં હું હામ;
ક્ષત્રીની વટ ત્યાંજ બતાવી, અમર કરૂં મુજ નામ. જઇએ.

એક મીયાં—મેં લડુંગા સાથ ઉસકી, મેરીસેં તરવાર;
કોઇકે કાપું શિશ પાડું ભુજ, પોચાવું જમદ્વાર.

સ્થળ—જુનાગઢ પાસેનું મેદાન.

સિદ્ધરાજ— બેત.
એ મુર્ખ તેં સુતા સીંહને, મારી છે લાત;
પત્ની મારી આપ, નહીં તો થશે તારી ઘાત.
રાહખેંગાર—અરે દુષ્ટ મુજ સ્ત્રીને, પત્ની કેતાં આવતી નથી શરમ;
લશ્કર તારૂં સર્વ લેઇ, વળી પાછો રાખી ભરમ,
સિધરાજ—સીંહની સમા કદી, કરે અજા બકવાદ;
તેથી શું તે જબરી થઇને? ભીડસે તેની સાથ બાથ;
રાહખેંગાર—મિથ્યા બકવાદ શાને કરી, ગુમાવે છે તારૂ તોલ,
એમ હોયતો આવીજા સામો, કરૂં હું તુને રંગરોલ.
સિધરાજ—અલ્યા ગરીબ બિચારી, રૈયતને શાને કરે હેરાન;
રત્ન મારૂં આપીને, બચાવ તારો જાન.
રાહખેંગાર—બાયલાની પેઠે ઉભો રહી, શું કરેછે મિથ્યા બકવાદ;
એમ જાણજે કે આવ્યો, રાહખેંગાર, ઉતરશે તારો નાદ;
(એમ કહી બન્નેનું લશ્કર સામસામી લડે છે અને તેમાં સિદ્ધરાજ હારે છે.)

સ્થળ—રાહખેંગારની કચેરી.

કવિત.

બારોટ—પ્રજાકા પ્રતિપાળ, દીનોકે દુઃખ ટાળ;
દુષ્ટોકા આપે કાળ, ભુપ ભાગ્યશાળી હે.
સુખી રહો સૌરાષ્ટ્ર પતિ, પામો સુખ ધન અતિ;

ઈંદ્રકી મીશાલ કીર્તી, જગતમાં જામી હે.
શશી જેસા રૂપ બન્યો, રાજ્યમે એ પાપ હન્યો;
રામ જેસા રાજ્ય બન્યો, રાહખેંગાર પ્રતાપસેં.
ગુરૂ દત્તાત્રીકી મહેર, ઉસસેં બહોત ઉડાવે લે'ર;
નહીં હે લેશભર ફેર, આપ ન્યાયન કે પ્રતાપસેં.

સ્થળ—રાહખેંગારનો ખાનગી મહેલ.

રાહખેંગાર— મેવાડો.

પીઓ લ્યો શરાબ, દેશળ પીઓ લ્યો શરાબ. ટેક.
છે ખુબ એમાં સ્વાદ, દેશળ પીઓ—
શરાબ છે આ અતિ ઉત્તમ, સૌથી શ્રેષ્ટ પાન;
પીવાથી આરામ થાયે, તનમાં આવે તાન. પી૦

દેશળ—મામા આપ આજ્ઞાથી, હું પીઉંછું શરાબ;

રાહખેંગાર—આપી આવ તુજ મામીને.

દેશળ—મામા હાલ છે ખરાબ, રહેવાદો આ વખ્ત,
મામા રહેવાદો આ વખ્ત.

રાહખેંગાર—તુજ વિના આ કામ કોણ કરશેરે ભાણેજ;
આવે ભરૂંસો તુજનો, દીલ તુજ છે સફેદ,
જાઓ વેગેથી તહીં, દેશળ જાઓ.

દેશળ—મામા નિશા બહુ ચડી છે તેથી નથી ભાન;
શક્તિ જાવા નથી મુજમાં, દીલમાં થાઉં હેરાન. રહેવા.

રાહખેંગાર—કરો નહીં વાર ઝટ, જાવા થાઓ તેયાર,
ગમે તેમ કરી પીવ, આપી આવો આ વાર. રહેવા.

(રાહખેંગારનો ઘણો આગ્રહ જોઇ દેશળ લાચારીથી અથડીયાં ખાતો તેની મામીને દારૂ આપવા જાય છે.

સ્થળ રાણકદેવીનો મેહેલ.

રાણકદેવી—(બોલો બોલ બારોટજી જરા તો તોલ કરી) એ રાહ.

લાગે કેવો એ ગુલાબી મધ ખુશકારી,
પીધે ભૂલાવે છે ભાન શુદ્ધ રે'ન સારી.
કરે આખરે મનુંષ્યને નિસ્તેજ ભારી,
પીવો ગમે નહીં પણ પતિની છું આજ્ઞાકારી.
તેથી કરૂં પાન તેનું હું ઉમંગ ધારી,
આખર થઇશ હું હેરાન આજે એથી ભારી.

(પિવા પછી).

થર થર કંપે છે અરે કાયા મારી,
જાય નેત્ર ઉંડાં દીલ દુઃખ થાય ભારી.

(હાથ જોડી).

પ્રભુ નિશામાં ચકચુર બની બહુજ સારી,
તેથી લાજ મારી રાખો ઉર અર્જ ધારી.

(બેભાન થઇ પલંગ ઉપર ચડેછે અને દેશળ પણ બેશુદ્ધ થઇ તેજ પલંગમાં પડે છે એવામાં દેશળને કેમ વાર થઇ એવું ધારી અત્રે આવે છે. અને દેશળને પલંગપર સુતેલો જોઇ ઘણો ક્રોધાયમાન થાય છે અને લાત મારી તેને ઉઠાડી કહે છે.)

રાહખેંગાર—(રાગ ધનુષ્ય છટાએ ધર્યુંરે.) એ રાહ.

દેશળનો કાન પકડી)

એ નીચ હરામી ચંડાળ, દેશળ તું તો થયોરે. ટેક.
તુજ મૂખ જોઇ ઉપજે છે કાળ. દેશળ.
તને પુત્ર સમાન રાખ્યો ઘેર. દેશળ.
તેની બતાવી આપી તેં પેર. દેશળ.

તુજ રાખ્યો નહીં કદી અવિશ્વાસ. દેશળ.

નારી દેખી બંધાયો મોહ પાસ. દેશળ.

તુજ માતુ સમાન મુજ નાર. દેશળ.

સંગે રમ્યો તેની તું વ્યભિચાર. દેશળ.

ખુબ નિશા કરાવી નાદાર. દેશળ.

બેશુદ્ધ કરી રમ્યો જાર. દેશળ.

મુજ લુણ ખાઇ કર્યું હરામ. દેશળ.

મુજ હદ મુકી જા બીજે ગામ. દેશળ.

દેશળ—(જરા સુદ્ધીમાં આવી.)

(અરે લાલદેવ ઇસ તરફ જલ્દ આ.) એ રાહ.

અરે મામા આવું વદો ન વચન,
સુણી આપ શબ્દ ધ્રુજે મારૂં તન.
જાણું આપ પ્રિયા હું માતુ સમાન,
પડયો હું પલંગપર ભૂલીને ભાન.
નથી ડગ્યો મૂજ નિતિથી માનો વાત,
થઇ જાલવંત નથી લજવી મુજ માત.
કદી ધરા આભ બન્ને એક થાય,
કદી સહસ્ત્ર ખંડ કાયાના થઇ જાય.
સીંહ વણુ આય તો કરૂં નહીં કામ,
વદો નહીં વચન મામા મુખેથી આમ.

રાહખેંગાર—(રાણકદેવી પ્રત્યે.) અંજારા.

શાને ઉદાશ થાયે પ્યારી, નથી તકશીર કાંઇ તારી. ટેક.
આવ બેશ ઉમંગ મૂજ પાસ, કરી દીલગીરીનો નાશ;
થયો દુષ્ટ એ દુરાચારી. નથી તકશીર.

રાણકદેવી—એક ખુણામાં ભરાઇ રહેલી હતી તે પાસે આવીને

નથી વાંક દેશળનો પ્યારા, કીધા દારૂએ હાલ અમારા;
તેથી દશા થઇ આ અમારી, શાને ઉદાશી૦

રાહખેંગાર—થઇ બુદ્ધિ એની ખરાબ, તેથી પાયો તુને બહુ શરાબ,
હવે મુંઝાઇશ નહીં મન પ્યારી, નથી તકશીર૦

રાણકદેવી—સ્નેહ આપનો જોઇ પ્યારા, થાઉં ખુશી હું દીલમાં મારા
આપ વિયોગ સાલે ભારી. શાને ઉદાશી૦

રાહખેંગાર –(નથી આચરતો નથી આચરતો) એ રાગ.

નહીં ગભરા તું દિલ વિશે પ્યારી.
કરૂં નહીં કદી તુંજથી જુદાઇ. નહીં૦
શોક કરે શાને સુંદરી મનમાં,
તનમાં તાપ ધરીશ ન કાંઇ. નહીં૦
કદી જો શતરૂને શરણે થઇએ,
તો લાજે પ્યારી મુજને આઇ. નહીં૦
જાયે ક્ષત્રીમાં આબરૂ મારી,
તેથી પામું દુઃખ બહુ મુજ કાઇ, નહીં૦
હીંમત ધારી શતરૂને હણુવો,
પીઠ બતાવી જવું નહીં કાંઇ. નહીં૦
સ્નેહ તારો સંપુર્ણ છે પ્યારી;
ન્યારી કરૂં નહીં ધરૂ હેત દીલમાંઇ. નહીં૦

સ્થળ—મીનળદેવીનું ઘર.

મીનળદેવી— રાગ મારૂ ગોડી.

કેમ પુત્ર કરે આંસુપાત, સત્ય કહે મુજ આગળ વાત,

કોને કર્યું તારૂં અપમાન, શું? કીધો કોઇએ હેરાન.
કહે વાત તારીનો ભેદ, ઝટ કરાવું તેનો શિરછેદ,
શું લડાઇ થઇ પુત્ર મારા? તેમાં સ્વર્ગે ગયા મામા તારા:
કહી ભાગ્ય તું મારૂં દુઃખ જોઇ ગભરાવું તારૂં મુખ.

દેશળ—(ભરથરી ભ્રાતા વિચારીને તમે કરોને મુજપર કોપ) એ રાહ.

હે માત વાત (૨) તમે સુણોને આજે મારી;
નથી રે'વાને ઠામ કાંઇ જીંદગીની આવી વારી.

મીનળદેવી—(આ સાંભળીને) રાગ સદર.

ઝટ કહે મુને (૨) તું લગાડ નહીં કાંઇ વાર;
શો ઉતપાત થયો છે આંહી, સુણવા છું તૈયાર.

દેશળ— રાગ ઉપરનો.

સુણો માત મારી (૨) આજ વાત મારી ઉરધારી;
થયો છે ઉત્પાત એહવો, જેથી હાલત થઇ છે નઠારી,
આવ્યો યો દારૂ (૨) ગુપત બારીથી આજ;
મે માતા પીધો મામાએ, ખુશી થવાને કાજ,
નિશામાં હું (૨) ખુબ બન્યો બેહાલ;
મામી મારીને આપવા, દારૂ આજ્ઞા કરી તતકાળ.
કીધું મામાને (૨) કરગરી બહુ બહુ વાર;
નથી શુદ્ધને સાન જાવા, સકિત નથી લગાર;
તોય માન્યું નહીં (૨) ઉલટો ઠપકો દીધો;
લાચાર થઇને માર્ગ મેં તો રાણીવાસ ભણી લીધો.
પી દારૂ મામી (૨) બેભાન પડી પલંગપર;
શુદ્ધ સાન હું ચુકી માતું અંતે ઢળ્યો એનાપર.
એવે મામા આવી (૨) ઉઠાડયો મુને તે વાર;

ક્રોધ કરી તેણે મુને, માતા દીધો ઘણો ફીટકાર,
મેં કહ્યું માતુ (૨) મામા છું હું નિરાપરાધ;
ક્ષમા કરો આ દોષ સઘળા, જે મુંજથી અબાધ.
નહીં માની મારૂં (૨) મુને દેશપાર જવા કીધું;
કહો હવે શું કરવું માતુ? હું અહીં રે'વાને બીધું.

વીશળદેવ—(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી) એ રાહ.

શું બોલો મામા આવાં વેણુ, પેરી નથી ચોળી;
ખરો હણીં ક્ષત્રી હું પુત્ર, કરૂં નમ્ર હોળી.
એને કીધી વિચાર્યા વિણુ વાત, શરમ નહીં આવી;
સિધરાજની સામા અમથી, ગયો છે ફાવી.
હવે સનમુખ થઇને, બતાવું મુજ હથિઆર;
જેમ કૃષ્ણે કંસનું વેર લીધું, નિરધાર,
જઇ થઇએ કાકાને શરણુ નમીને શિર;
ચાલ કર નહીં જરા આંહી વાર અરે ઓ વીર,
ગમે તેમ પણ તે, લોહી એક કહેવાય;
કરી ક્રોધ દુરને, સા'શે, આપણી બાંય.

સ્થળ—સિદ્ધરાજની છાવણી.

દૃશળ—(કહું શું નશીબે દુઃખીઓ કીધો છે.) એ રાહ.

સુણો કાકા મારા, શરણ છું તમારા. ટેક.
નથી ઉગરવા એક રસ્તો પ્યારા. સુણો.
દીધું આપને દુઃખ દુષ્ટ થઇને, હાય? ઉઠે અંગ ભડકારે મારા. સુ૦
કરો રોશ દુર દીલ લાવી દયા, અમે છીયે કાકા પુત્ર તમારા. સુ૦
થાય કદી કમજાતરે છોરૂ, પણ માવીતર નહીં થાય નઠારાં. સુ

કરી સેવા અમે મામાની ભારી, ગુણના તપાસી કીધા
હાલ નઠારા. સુણો૦
હવે છેરે અમ આધાર તમારો, કાંતો જીવાડો કે કાંતો
રે મારો. સુણો૦

સિદ્ધરાજ ઠુમરી.

ન થાવો પુત્ર નિરાશ રે. ટેક.
તમ દોષ નથી ગણુતોરે મનમાં, શોક દુર કરી રહો પાસરે ન૦
ધન માલને રાજ મુજ સર્વે, એ સઘળાં તમ વાસરે. ન થા૦
જે જોઇએ તે માગો આ વખ્તે, આપવા નહીં ખરૂં સાસરે, ન૦
ખાઓ પીઓને મોજ ઉડાવો, કરોને સુખ વિલાશરે. ન થા૦

સ્થળ—રાહખેંગારનું શયનગ્રહ.

રાહખેંગાર—અહો પ્યારી મારી, દીયો રજારે દિલ વિચારીને, ટેક.
રાણકદેવી—નહીં આપુ આજ્ઞા, કાંતો જાવોરે મુજને મારીને. ટેક.
રાહખેંગાર—ગુર્જરનો મહારાજા આવી, ફાવી ગયોછે બહુ;
દળ લાવીને નગર ઘેર્યું છે, પ્રજા પીડે વળી સહુરે. અહો૦
રાણકદેવી—સૈન્ય નથી કાંઇ બળીયું આપણું કેમ કરી પહોંચાય;
વણ મોતે મરીયે ત્યાં સ્વામી, માટે આપ રહો આંયરે. નહી.
રાહખેંગાર—તોપો એને ચાલુ કીધી છે, લશ્કર હણવા માટ;
જાવું મારે પ્રજાની વા'રે, કરે નગર લુટફાટરે. અહો૦
રાણકદેવી—પ્રથમ મુજને મરવા દઇને. પછી જાઓને ત્યાંય,
નહીંતો ચાલો નાશી જઇએ, ગીરનાર મહા છે જ્યાંયરે. નહી.
રાહખેંગાર—ક્ષત્રાણી થઇ આશું વદેછે, નહીં વદવું તુને યોગ્ય,
સોરઠ સાથે ગુર્જર લાવું, કરી સતર ભુભોગ્યરે. અહો૦

રાણકદેવી—ફળ તરૂનો આહાર કરીને જાળવું તમ હું તન;
રાજપાટ આ જાય ભલે વળી, કાઢુ દુઃખમાં દનરે. નહીં૦
રાહખેંગાર—નહીં આવું કદી માનું વચન તુજ, જાવું નકી યુદ્ધમાંજ
સહાય કરશે શ્રી ગીરનારી, મુજ કાર્યમાં આજરે. અહો૦
કદી પડું હું રણને વિશે, જાવું તરત હું મોક્ષ;
હઠ છોડીને દીયો રજા મુજ, મનથી છંડી શોકરે. અહો૦
રાણકદેવી-એમ નહીં માનો તો મુજને, સંગે લ્યો મહારાજ;
હાથ જોડીને કરૂં હું વિનતી, કરગરી કહું આજરે. નહીં૦
રાહખેંગાર-પ્યારી અહીંઆં ધીર ધારીને, જપોને ઇશનું નામ.
મારી દુશ્મન ઝટ હું આવું, કરીને આપણું કામરે. અહો૦
રાણકદેવી-સંગે રહીને સહાય કરૂં હું, સીંહને પેઠે નાથ;
શતરૂની સનમુખ લડીને પોંચાડુ જમ હાથરે. નહીં૦
રાહખેંગાર—સાચું કહ્યું તેં પ્યારી પ્રેમદા, ધન ધન તારી માત;
રાણકદેવી—હવે ચાલોને નાથ આપણે, કરવા તેની ઘાતરે. નહીં૦
રાહખેંગાર—સંગે તારૂં કામ નથી કાંઇ.
રાણકદેવી—વદો શું હૈયાહાર;
રાહખેંગાર-રહો પ્રીયા અહીંઆં ધીર ધારી;
રાણદેવી—લ્યો ખાઇ મરૂં કટારરે. નહીં૦
રાહખેંગાર—(કટાર ખાઇ જોઇ.)

દક્ષણી રાહની લાવણી.

આમ શું કરે, ધૈર્ય તો તજીતેરે. ટેક.
ઘટે ન આમ, તજવી હામ ક્ષત્રી નામ;
નહીં દુભાવો પ્યારીરે. આમ શું.
કામ ક્ષત્રીનું સુણ પ્યારી મારીરે;

કરી સંગ્રામ, શતરૂ સામ, તજી ન હામ,
રણમાં ઝુઝવું નારીરે. આમ શું.
શતરૂ સાંમેરે પીઠ જે દીખાવેરે;
વીર માત, વળી તાત, કાયર જાત,
ક્ષત્રી જાત લજાવેરે. આમ શું.
પાળવી પ્રજા પુત્રની સમાનરે;
અદલ ન્યાય, સુખી થાય, દુઃખ જાય,
કરીએ એમ ઉપાયરે. આમ શું.

રાણકદેવી—(જનુની જીવોરે ગોપીચંદની.) એ રાહ.

વાત ઉચારો ન વાલમ, જાવા યુદ્ધની માંયજી;
ખાંતથી રહો મુજ સંગમાં, ફરો મોજ સુખે આંયજી.
વાત ઉચારો ન વાલમા. ટેક.

રાહખેંગાર—પ્યારી મારી આમ શું વદે, ક્ષત્રીને ઘટે નહીં લગારજી;
રણમાંરે શિશ ઝુઝાવવાં, ધરી હાથ હથિયારજી. પ્યારી૦

રાણકદેવી—નથી લસ્કર બહુ આપનું કેમ શતરૂ જીતાયજી;
આશ નથી જરા મુજને, તેથી કહુંછું હું રાયજી. વાત૦

રાહખેંગાર—આમ નાહીંમત શું કરે, વદી બીરૂના બોલજી;
લડવાને હીંમત દે મુને, શતરૂ ઉતારૂં હું તોલજી. પ્યારી૦

રાણકદેવી—જાય ભલે કદી રાજ આ, કદી વશીયે વનમાંયજી;
ફળ ખાઇ તન સૌ ગુજારીયે, સહીએ આતે દુઃખ કાયજી. વાત૦

રાહખેંગાર—ખરો ક્ષત્રી પુત્ર હોયતે નવ બેસી રહે મેલજી;
ઝુંઝાવે રણ શિર આપના, કરી સર્વમાં પેલજી પ્યા૦
નાશું કદી મુજ કહેવાથી, પામું જગમાં અપમાનજી;
કર નહીં વાત નઠારી તું, આવી ? ભુલીને ભાન. પ્યા૦

રાણકદેવી—(ગઇ માતુ મારી જવું તેની પાસે.) એ રાહ.

આપ જુદાઇથી મમ પ્રાણ જાયે,
એક પલક મુને વર્ષ સમ થાયે. આપ૦
રહે કદી નહીં જલથી મીન ન્યારૂં;
એમ વિયોગ આપ નહીંરે સે'વાય. આપ૦

રાહખેંગાર— રાગ સદર.

હઠ નહીં કર તું, જવા દેને મુજને;
છેલ્લી વખત પ્યારી, કહુંછું હું તુજને, હઠ૦
નહીં માનું જરા કે'ણ હું તારૂ,
જેમ રોકાઉં તેમ દુઃખ થાય મુજને. હઠ૦

સ્થળ—રાણીવાસ.

રાણકદેવી—(રાહખેંગાર લડાઇમાં ગયો છે તેથી ઇશ્વર પ્રાર્થના કરે છે.)
(જનમો જનમ ગુન માનું મેં તોરા સહીઆં.) એ રાહ.

અરજ કરૂં શંભુ પ્રીતથી આજે;
કરજોડીને કહું તમનેરે. અરજ૦
કરજો રક્ષા તમે મારા સ્વામીની,
સા'ય કરો રણમાં અમનેરે. અરજ૦
શત્રુ હણીને જય અમ આપો,
કાપો કરૂણા કરી દુઃખનેરે. અરજ૦

(રાહખેંગારને મારી સિધરાજ અને દેશળ દગાથી બારણું ઉઘાડી પ્રવેસ કરેછે. સિધરાજને જોઇ રાણકદેવી દેશળને ધિટકાર છે.)

રાણકદેવી—(વિક્રમા તું વેરી મારોરે.) એ રાહ.

ઓ દુષ્ટ હરામી ચંડાળ, આવું તેં કેમ કરયુંરે.

જા દુર તારૂં મુખ બાળ, આવું.
કર્યા વિશ્વાસઘાત અનુજ, આવું.
સારી જાણી તુજ મામાની બુજ, આવું.
શું ? મુખ બતાવે નાદાર, આવું.
ધીઃક ધીઃક છે તુજ અવતાર, આવું.
લુણ ખાઇ કરયું તેં હરામ, આવું.
ઝટ ચાલી જા તજી આધામ, આવું.

(સિદ્ધરાજના અપશબ્દ સાંભળી તેના નાથના વિયોગ વગેરેનો સંતાપ કરે છે.)

(રાગ સીતાજીના મહીના.)

નાંખી દુઃખ દરીઆની માંહી, તજી તમે ક્યાં ગયા;
કરી પુત્ર પ્યારીને નિરાશ, સુખેથી ક્યાં રહ્યા.
નાવી મનમાં જરા રે'મ પ્રાણ, પ્રજા, પુત્ર, નારની;
થઇ આપવીના સુનકાર આવી હવે હારની.
લાવી મનમાં ઉમંગના શબ્દ, પ્રિયા મુખ ભાખતા.
નહીં તજતા કદી મુને નાથ, પ્રીતે બહુ રાખતા;
તમ પુત્ર પ્રજા ને નાર નગર સૌ દુઃખી થયું;
કીધા શતરૂએ બહુ હેરાન, વારે વારે શું કહું.
થયો દુષ્ટ દેસર આ વખત શત્રુ મળી દુઃખ દીધ,
સર્વ રત્ન તમારારે નાથ દુષ્ટ એ હરી લીધાં;
લાવ્યો પાપીને મહેલની માંહી, દગો કરી આજેરે.
વળી કરાવ્યો પુત્રનો નાશ, લગન મુજ કાજેરે.
અપ શબ્દ ને ચંડાલ, હેરાન કરે મુને;
આવી ઉગારો હે નાથ, શું હવે કહું તુને.

તુમ વિયોગે જાયે પ્રાણ, નહી આવે હાણ થશે,
નહીં દેખો આ નારીનું મુખ, ખચિત ખોટું બહુ થશે.
(રાહખેંગારનું મરણ સુણી)

લલીત છંદ.

અરર ઓ પ્રભુ, આ શુંરે કીધું, દુઃખદ વાદળુ. ક્યાંથીરે દીધું.
સુણી મરણરે, નાથ મુજનું, દુઃખી થઉં બહુ ન કાંઇ સુજતું.
કેમ રહું હવે, નાથથી વિના, કોને જઇ કહું, કર્મની બીના.
ક્યાં તજી ગયા, પ્રાણ નાથરે, પુત્રને લીધાં, આપ સાથરે.
દુઃખી કીધી મુને, નાથ સુતરે, સીમ નથી હવે, રડતી નીતરે.
સુણી આમરે, કંપે કાયરે; બીન આધાર થૈ, હાય હાયરે.
વળી— (સહીયર શું દુઃખ દાખવું.) એ રાહે.

ફુટયું નશીબ મુજ દુષ્ટનું, જેથી ખોયો મેં પુત;
રતન ગમાવ્યું જે રોકડું, થઇનેરે કપુત. ફુટયું૦
માત કહી કો બોલાવશે, બોલી કાલારે બોલ;
તુજ આધારે હું જીવતી, સુખ લેતી અતોલ; ફુટયું૦
સંસારમાં માન પુત્રનું, હેત કરી બોલાવે,
વાંઝીયા મેહેણું નહિ શિરે, લાવો અનેક લેવરાવે. ફુટયું૦
એથી અધિક દુઃખ સ્વામીનું, જે છે શીરનું છત્ર;
તે તો તજીને જતા રહ્યા, મુકી મુનેરે અત્ર. ફુટયું૦
દુર્ગજીરણ આ સુનો પડયો, મરતાં મુજ સ્વામીનાથ;
મંદ સુખ મુખથી બોલાવતા, હેતથી ઝાલીહાથ; ફુટયું૦
બેસારતા પાસ મુજને, કરતા હાસ્ય વિનોદ.
એ સઘળુરે ઉડી ગયું, થઇ દુશ્મન ભોગ; ફુટયું૦
વાણી ઉચરતા વિવેકની, પ્રજા આપતાં સુખ;

તે ધડ ક્યાં હવે રડવડે, કેવુ પામીને દુઃખ. ફુટયું૦

જીભ આવે હોહા થઇ રેતી, મળતા એક એકવીસ;
તે અંગ રવડે ભૂપરે, ક્યાં ધડ અને શિશ. ફુટયું૦

નખ મુજ કો' ન જોઇ શકે, દુષ્ટ મુખ પામેલ,
પ્રિયા કહીને બોલાવતો, આ છે કર્મનો ખેલ. ફુટયું૦

વારે ધાઓ પ્રભુ માહરી, કરો શતરૂ સંહાર;
એના દીલે દયા લાવીને, કાઢો મેહેલની બા'ર. ફુટયું૦

હાય હવે મારૂં શું થશે ? જાશે દીન દુઃખ કેમ;
ઉદાશી પ્રસરી છે અંગમાં, ના'વી પ્રભુ તુને રે'મ. ફુટયું૦

મે'લ બગીચા વાડીઓ, રાજનેરે શૃંગાર;
સુના થયા તે સર્વરે, જોઇ ઉઠે અંગાર. ફુટયું૦

જઇ ફરી બેસું ક્યાં જઇ, નથી સુજતું કાંઇ,
શયન જોઇ દુઃખ થાય છે, હઇડું જાય ભરાઇ. ફુટયું૦

પ્યારી હેતે હવે કો' કેશે, દુઃખ કરશે કો દૂર;
શઇરે દુઃખી હું અભાગણી, હવે મરવું જરૂર. ફુટયું૦

સ્થર—વઢવાણના ભોગાવામાં રાણકદેવીનો તંબુ.

રાણકદેવી— રાગ ખમાચ.

શું કરવું આંહી નથી સુજતું કાંઇ; મરૂં દીલ અકલાઇ,
રોઇ ભરૂ અખીઆં સિધરાજ આવી, ગયો દુષ્ટ ફાવી શું કરવું.
મુજ નાથ સંહારી, કીકી દુઃખી ભારી;
કહું હું શું આ વારી થઇ દુઃખદાઇ.
નહીં છુટવા કાંઇ, ઇલાજ કરવો. શું કરવું.

પ્રભુ ઇલાજ કાંઇ, બતાવ તું આંઇ,
અહી મુજ બાંહી, ઉગાર અરે;
પાળવા પતિવ્રત, સ્વામી રાખ તું પત. શું કરવું.
મરૂં ધર્મને કાજ, હારૂં હામ ન આજ;
સુણો પ્રભુ મહારાજ, કદી જીવ જાશે,
બચાવ તું નાથ. ગ્રહી અગળા હાથ. શું કરવું.

(એવામાં સિદ્ધરાજ તેના તંબુમાં આવી રાણકને સમજાવવા વચન કહે છે.)

સિદ્ધરાજ— (મુગલોથી ડરો નવ પ્યારી.) એ રાહ.

પ્રિયા દીલ દુઃખી, તું શાને કરે;
વણ ખુટે આયુષ, તું શીદ મરે; પ્રિયા.
હવે શોક મુકીને, સુખે રહે;
દહે દીલને નહીં જરા કહું ખરે, પ્રિયા.
સમજીને પ્રીતિ. મુજ સાથે કરો;
નહીં આધાર મુજ, વિન કોઇ અરે. પ્રિયા.
તુજ માટે લીધો શ્રમ, બહુ પ્રિયા;
શાને અવળી થઇ, મુને દુઃખી કરે. પ્રિયા.
આવ બેસ ઉમંગે, ઉછરંગ પર;
કરીયેરે વિનોદ જેથી દિલ ઠરે. પ્રિયા.

રાણકદેવી— ભુપ કલ્યાણ.

અરે ઓ દુષ્ટરે, આઘો અહીંથી થા;
તુમ ધામ ભણી પાપી, સદ્ય તુંરે જા, અરે.
વારે વારે શું કહું તુને, શરમ નથી લગાર;
પુત્રીને પ્યારી કહેતાં શું, આવે ના ધીઃકાર. અરે.

આમ વદતાં રસના તારી, તુટે તેમ ન દૂષ્ટ;
કેમ સમાયે નહીં અવનિમાં, અરે અરે ઓ મુઢ. અરે.
કંટક કેમ નથી ભોકતા, તુજ જીભની માંહી;
સર્વે પ્રજાનો તાત થઇને, વદે આમ શું આંહી. અરે.
આ કરતાં કદી દુઃખ બહુ પામું, તોય ન ડગું તલભાર;
વળી ચંદ્ર, સૂર્યને પૃથ્વી, થાયે એકાકાળ. અરે.
કદી માન મુકે જો સાગર, રસાતાળ જગ થાય;
તો પણ શિળવ્રત નહી છંડુ હું, કદી પડે સત ધાય. અરે.
સીંહ સુતની આશ રાખે, કદી જોરે શિયાળ;
નહીં જીવવાની આશા તેને, ઉલટો આવે કાળ. અરે.
એમ માન મુને તું પાપી, ખરી ક્ષત્રીની બાળ;
આશા રાખીશ નહીં મળવાની, આણીશ તારો કાળ. અરે.
તુજ ધામે સત્વર તું જાને, ટકીશ નહીં ક્ષણ આંય.

રાણકદેવી— ગીતી.

નિરપરાધી મારે, સરે અરે તુજ અર્થ કાંઇ;

સિદ્ધરાજ—જો વધતું બોલીશ તો, વધ કરીશ હું તુજ પુત્ર આંઇ.

માણેરો—(મારતી વેળા) ધનાશ્રી ગઝલ.

કરૂં પ્રણામ હું આજ, માતા તુને કરૂં પ્રણામ હું આજ. ટેક.
પડી હોય ચુક સેવા કરતાં, માફ કરો લાવી દાજ. માતા.
તું સેવાનો બદલો ન આપ્યો, ધીકઃ ધીકઃ મુજને તાત. માતા.
વધ્યો કદી હું તુજ સામે માહું, તે ક્ષમા કરોને આજ. માતા.
હવે જાઉં મુજ પિતાની પાસે, ખાંતથી મળવા કાજ. માત.
કરી ચાલ્યો જાઉં નાશ પિતાનો, વંશ અને સહુ સાજ. માતા.

(પોતાના પુત્રને સિદ્ધરાજ મારી નાંખે છે તેથી તે ક્રોધાવેશમાં આવી, સતીપણાનું જનુંન લાવી સિદ્ધરાજને શ્રાપ દે છે.)

રાણકદેવી— રાગ ક્ષત્રી કલંકનો.

હાહા આવી રહ્યા હવે અનહદ, સુરી ક્ષત્રાણી નહીં ડગેરે.

કહ્યું માની ઉતાર તારો મદ, સુરી.
જોશે દાખલો દુનિયા સહુ; સુરી.
મુજ માટે કીધાં કત્લ બહુ, સુરી.
તોયે નહીં વળ્યો કાંઇ તુજ દીન. સુરી.
લાવ મુજ પતિનું શીર હીન. સુરી.
થાઉ સતી જગમાં વિખ્યાત, સુરી.
લાવ ઝટ શીર સ્વામીનું ભ્રાત; સુરી.
નહીં તો શ્રાપ દઇ કરૂં ખાખ. સુરી.
વાર કર નહીં ઝટ લાવી આપ. સુરી.
જા મરશે તું ભુંડે હાલ. સુરી.
પુત્ર વિણુ મરીસ તું ચંડાલ. સુરી.
તુજ રાજ થશે પાયમાલ. સુરી.
થાઉં સતી અગ્નીમાં પડી હાલ. સુરી.

સ્થળ—ભોગાવા નદીપરની વિશાળ જગો.

(રાણકદેવી ચિતા આગળ ઇશ્વરની સ્તુતિ કરે છે).

(પીયુને તજાવનાર વેરી અલંકાર.) એ રાહ.

અરે ઇશ નામી શિશ, કહું આ વાર,

પડી છું સરણુ પ્યારા, તુજનો આધાર;
દીધું અતિશે દુઃખ રાખી નહીં સીમ.
અંતે સા'ય કરી મુને, દીવે લાગી રેમ;
હણ્યા બે પુત્રોને સ્વામી કરીને બેહાલ;
લાજ રાખી આજ પ્રભુ ધરી દીલ વા'લ.
વિનાતિ કરૂં છું ઈશ, શિશ નામી આજ;
રાહખેંગારની પાસે, મોકલો મહારાજ.
રાખો ભવો ભવ મુને, ખેંગારની સાથ;
એવી અર્જ કરૂં નાથ, જોડીને હું હાથ.

(પછી અગ્નીમાં પડી બળી જાય છે. લોક જય અંબે જય અંબે કરતું વેરાઈ જાય છે.)

સમાપ્ત.

नवा पुस्तकोनी जाहेर खबर.

योगचिंतामणी.

આ એક વૈદકનું ઘણુંજ ઉપયોગી પુસ્તકનું ભાષાંતર છે. એમાં સર્વે ધાતુ રસાયણ વિગેરેનું મારણ અને કાષ્ટાદિક ઓસડોનો ઉપયોગ કરવાના પ્રયોગ બતાવ્યા છે એટલુંજ નહિ પણ માહેની દવાઓ સર્વોત્તમ છે એમ કહેવાને કાંઇ હરકત નથી આનું શ્લોક સાથે શુદ્ધ ગુજરાતી ટીકા સાથે થોડા વખતમાં અમારા તરફથી બહાર પડશે એની કિંમત મજુર. ૧-૮-૦ પોસ્ટેજ સાથે.

आयुर्वेद सुधाकर.

આ પુસ્તકમાં રસાયણ (ઉપધાતુ) મારવાની સીધી વનસ્પતિ-થી અનુભવ સિદ્ધ કરેલી છે. તે શીવાય રસાયણ (પારાની પરીક્ષા અને પ્રત્યેક રોગ ઉપર લેવાનું અનુપાન વિગેરેની સમજ બહુ વિ-સ્તારથી આપેલી છે સિવાય પંચકર્મની શુદ્ધિ (પરસેવો કાઢવો રેચ, વમન, બસ્તી) ઉપધાતુ મારવાની ક્રીયા તે ખાવાનું અનુમાન વિશ શોધવાની વિધી ખાવાના અનુપાન ઉપવાસ ખાવાની વીધિ અને સંપૂર્ણ નેત્રરોગ ઉપરની ક્રીયા વિગેરે વિષયોથી ભરપુર છે તેની કિંમત મજકુર થોડી. ૧-૮-૦ ટપાલ ખર્ચ. ૦-૨-૦

श्री विदुरनिति.

આ પુસ્તક શ્રી મહાભારથમાં વીદુરજીએ ધૃતરાષ્ટ્રને કરેલા ઉ-પદેશ અને વહેવાર ઉપયોગી સારા દ્રષ્ટાંતો આપ્યા છે. [illegible] જ્ઞાન આપનારૂં છે. છાપ અક્ષર કાગળ સારા છે. કિંમત ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૦

બુકસેલર—માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,

ઠે. [illegible] પુસ્તકાલય

મુ. અમદાવાદ.